ફૂલછાબ
રાજકોટની રફતાર
૧
મંગળવાર તા. ૬-૧૦-૨૦૦૯




**શબદવાણીનો યથાર્થ નિષ્કર્ષ: સંતવાણી વિમર્શ**

(જુઓ પાનું ૪)

# નવી પેઢીની ખુશબૂ


## રાજુ એન્જિનિયર્સ શરૂ કરનાર દોશી પરિવારની નવી પેઢીની હાથમાં આવ્યો છે, કંપનીનો દોર





પુત્ર જ વારસો સંભાળે તેવી માન્યતા તોડીને ખુશબૂ દોશી (મોનાણી) આખી ફેકટરી સંભાળે છે !

**માણાવદરમાં બે લાખના રોકાણથી શરૂ થયેલી આ કંપનીનું આજે વર્ષે ૫૦ કરોડનું ટર્ન ઓવર છે**


ચંદ્રકાન્તભાઈ દોશી-ચેરમેન

તસવીરો : જયવંત પુરોહિત

■ યશપાલ બક્ષી

આજે કોર્પોરેટ કંપનીઓ પોતાની પ્રોડક્ટથી જાણીતી હોય, મોટાપાયે એક્સપોર્ટ થતું હોય, તો આ બધું રાતોરાત નથી થતું. એના માટે અથાક પરિશ્રમ જરૂરી છે. પરિશ્રમની ખેતી કર્યા પછી સફળતાના ચાસ પડે અને પછી જ વિકાસનું વાવેતર થઈ શકે. રાજુ એન્જિનીયર્સ એવી જ કંપની છે, જેમના મોભીઓએ પાયાથી કંપનીને ઉભી કરી દીધી અને હવે વિકાસ કરવા માટે કંપનીનો દોર આપી દીધો છે, નવી પેઢીને. આ નવી પેઢીમાં પહેલું નામ ખુશબૂ દોશી (મોનાણી)નું આવે. એ એટલા માટે કે, સામાન્ય રીતે પુત્ર વારસો સંભાળે પણ આ કંપનીની જવાબદારી પુત્રીએ સંભાળી લીધી છે ! ખુશબૂ મોનાણી સાથે વાતચીતનો દોર આગળ વધારીએ તે પહેલાં રાજુ એન્જિનીયર્સ વિશે થોડું જાણી લઈએ.

માણાવદરનો દોશી પરિવાર અતિદારૂણ સ્થિતિમાં હતો. મોટાભાઈ ચંદ્રકાન્તભાઈ દોશીને સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્રમાં નોકરી મળી એટલે પરિવારને થોડો ટેકો મળ્યો. એવામાં ચંદ્રકાન્તભાઈના નાના ભાઈ રાજેશભાઈ કે જે ‘રાજુ’થી વધારે ઓળખાય છે, તેમણે ધંધો શરૂ કરવાનું વિચાર્યું. વતન માણાવદરમાં જ નાના પાયે કારખાનું ચાલુ થયું, ‘રાજુ એન્જિનીયર્સ પ્રાઈવેટ લીમીટેડ’. ધીમે ધીમે કારખાનાનો વ્યાપ વધ્યો. કંપનીનું નામ ઉદ્યોગ જગતમાં જાણીતું બનવા લાગ્યું. ૧૯૯૪માં માણવદરથી રાજુ એન્જિનીયર્સ રાજકોટ પાસેના શાપર-વેરાવળમાં આવ્યું. કંપનીના ચેરમેન ચંદ્રકાન્તભાઈ કહે છે, બે લાખના રોકાણથી શરૂ થયેલી કંપનીનું આજે ૫૦ કરોડનું ટર્ન ઓવર છે.

આપણે જે ડિસ્પોસેબલ કપ, ડીશ કે ગ્લાસ વાપરીએ છીએ તે વસ્તુઓ જે મશીનમાંથી બને, તે મશીન બનાવવાનું મુખ્ય કામ આ કંપની કરે છે. આ સીવાય ફાઈવ લેયર બેરિયર થર્મોફોર્મેબલ શીટ અને બ્લોન ફિલ્મ કોમ્બોલાઈનના મશીન પણ અહીં બને છે. રાજુ એન્જિનીયર્સ ડિસ્પોસેબલ કન્ટેનર મશીન બનાવે છે, તેમાં પણ વેરાયટી છે. પ્લાસ્ટિકના અને થર્મોકોલના ડિસ્પોસેબલ કપ, ડીશ કે ગ્લાસ બનાવવાના મશીન જુદા જુદા હોય છે. આ મશીનો વિદેશમાં એક્પોર્ટ થાય છે. કોઈપણ ફૂડ પેકીંગનું મટીરિયલ તૈયાર થઈ શકે તેવા મશીનો પણ અહીં બને છે. એક ડિસ્પોસેબલ કન્ટેનર મશીન બનતાં ત્રણથી ચાર મહિના લાગે છે. ભારત બહાર નહીં, ભારતમાં પણ આ મશીનો પહોંચે છે.

હવે ખુશબૂ દોશી (મોનાણી)નું વિઝન જાણીએ. કંપનીના ચેરમેન ચંદ્રકાન્તભાઈ દોશીના એકના એક પુત્રી ખુશબૂએ ૨૫ વર્ષની ઉંમરથી કંપનીનો કાર્યભાર સંભાળી લીધો છે. ખુશબૂનો જન્મ વતન માણાવદરમાં જ થયો. છઠ્ઠા ધોરણ સુધી ભણતર ત્યાં થયું અને પછી રાજકોટમાં ૧૨મા ધોરણ સુધી અભ્યાસ થયો. એ પછી વલ્લભ વિદ્યાનગરમાં પાંચ વર્ષનો આર્કિટેક્ચરનો કોર્સ કર્યો. એ પછી યુ.કે.માં માસ્ટર ઓફ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્ટ ડિઝાઈનનો અભ્યાસ કર્યો, અને છેલ્લા બે વર્ષથી ખુશબૂએ રાજુ એન્જિનીયર્સની ધૂરા સંભાળી લીધી છે. બાય ધ વે, ખુશબૂના લગ્ન ગયા નવેમ્બરમાં રાજકોટના આર્કિટેક્ટ શ્વેતાંગ મોનાણી સાથે થયા.

આટલી મોટી કંપનીને સંભાળવી, સાસરે ગયા પછી સમય ફાળવવો, આ બધું કેવી રીતે કરી શકો છો ? જવાબમાં ખુશબૂ કહે છે, કંપનીને સંભાળવાની વાત છે તો મારા પિતા અને કાકા બન્નેનો સપોર્ટ મળી રહે છે. હું ક્યાંય મુંઝાઉં તો એ બન્ને ઉકેલ શોધી આપે છે. મને એ બન્નેએ સપોર્ટ આપ્યો ત્યારે જ હું અહીં સુધી પહોંચી શકી છું. રહી વાત સાસરિયાની, તો મારા પતિ શ્વેતાંગ (આર્કિટેક્ટ), સસરા રમેશભાઈ અને સાસુ ડૉ. પલ્લવીબેન મોનાણી મને ક્યારેય તકલીફ પડવા દેતા નથી. મારા સસરા બેન્ક ઓફ બરોડામાં મેનેજર છે. સાસુ ડૉ. પલ્લવીબેન બાળકોના ડૉક્ટર છે. હું સવારે ઉઠું ત્યારે યોગ અને કસરત માટે આગ્રહ રાખે. સસરા જ મને ફરજિયાત દૂધ પાય છે. એ મને દીકરીની જેમ રાખે છે. ત્યારે જ આ શક્ય છે. લગ્ન પછી તરત હું ૧૫ દિવસ માટે કંપનીના કામ માટે યુએસ એકલી ગયેલી, પણ મને ફેમિલી સપોર્ટ છે એટલે આ બધું શક્ય છે. બાકી શક્ય જ ન હોત ને !

ખુશબૂની ઉંમર દોઢ વર્ષની હતી ત્યારે તેના માતા શ્રુતિબેન અવસાન પામ્યા. ખુશબૂના ઉછેર માટે ચંદ્રકાન્તભાઈએ બીજા લગ્ન કર્યા, દેવીયાનીબેન સાથે. દેવીયાનીબેને પણ ખુશબૂ પોતાની જ દીકરી હોય તેવો ઉછેર કર્યો. ખુશબૂ કહે છે, પરિવારમાં હું મોટી દીકરી એટલે મને બધાનો પ્રેમ મળ્યો છે. હું તો કહું જ છું કે, મારે ચાર મમ્મી અને ચાર પપ્પા છે. મારા માતા-પિતા, મારા સાસુ-સસરા અને મારા બન્ને કાકા-કાકી કિશોરભાઈ અને નીતાબેન તથા રાજુભાઈ અને રીટાબેન. એમાંથી કિશોરભાઈ આસિ. લેબર કમિશનર છે. એના પુત્ર પલ્લવે યુ.કે.માં ઈલેક્ટ્રોનિકસ એન્જિનીયરીંગ કર્યું છે. તે પણ ધીમે ધીમે આ કંપનીમાં ટ્રેનિંગ લઈ રહ્યો છે. જ્યારે કિશોરભાઈનો પુત્ર ઉત્સવ જર્મનીમાં પોલિમર સાયન્સનો અભ્યાસ કરે છે. નજીકના ભવિષ્યમાં તે પણ આ કંપનીના વિકાસમાં સહભાગી બનશે. આમ, રાજુ એન્જિનીયર્સમાં ‘જનરેશન નેકસ્ટ’ ઈન્ટ્રોડ્યૂસ થઈ રહી છે. જો કે રાજુભાઈના ત્રણ સંતાનોમાં દીકરી કૃતિ ઈન્ટીરીયર ડીઝાઈનનો કોર્ષ કરે છે તો પુત્રી કરિશ્મા અને પુત્ર ઉત્કર્ષ ભણે છે. રાજકોટ પાસેના શાપર-વેરાવળમાં રાજુ એન્જિનીયર્સની (જુઓ પાનું ૨)

### રાજુ એન્જિનિયર્સ
### પરિશ્રમની ખેતી પછી વિકાસનું વાવેતર...

| | |
|---|---|
| ૧૯૮૬ | : માણાવદરથી શરૂઆત. |
| ૧૯૯૦ | : આંતરરાષ્ટ્રીય બજારમાં પગ મુક્યો. |
| ૧૯૯૪ | : રાજકોટ પાસે ફેક્ટરી શરૂ થઈ. |
| ૧૯૯૯ | : આઈએસઓ ૯૦૦૧-૨૦૦૦ સર્ટીફિકેટ મળ્યું. |
| ૨૦૦૩ | : એક્સપોર્ટ એક્સલન્સીનું સર્ટીફિકેટ મળ્યું. |
| ૨૦૦૪ | : પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રીઝમાં ગુજરાત ગૌરવ એવોર્ડથી સન્માનિત. |
| ૨૦૦૪ | : કેન્દ્ર સરકારે ‘સ્ટાર એક્સપોર્ટ હાઉસ’ની અધિકૃતતા આપી. |
| ૨૦૦૭ | : યુએસએની કોમોડોર કંપની સાથે કરાર. |
| ૨૦૦૭ | : મુંબઈના પ્લાસ્ટિ વિઝનમાં ‘એવોર્ડ વીનિંગ સ્ટેન્ડ’. |
| ૨૦૦૮ | : ઈટલીના ટેકનોકોટિંગ એન્જિનીયરીંગ સાથે કરાર. |
| ૨૦૦૯ | : પ્લાસ્ટ ઈન્ડિયા-’૦૯માં પ્રદર્શનમાં બેસ્ટ સ્ટોલ ડિઝાઈનીંગનો એવોર્ડ. |

# હાર્ટના ડોકટરના હેલ્ધી હાર્ટનું રહસ્ય

## ફિઝીકલ ફિટનેસ અને બેલેન્સ ડાયટ

■ પ્રશાંત બક્ષી

ઈશ્વરે દરેક-જીવને જીવવા માટે અગત્યનું અંગ આપ્યું છે હૃદય. માનવ શરીરમાં ઈશ્વરે કરેલા મિકેનીઝમમાં હૃદય મેઈન મશીન છે. જ્યારે તેમાં ફોલ્ટ આવે ત્યારે કોઈપણના જીવ પર જોખમ થઈ જાય. આ ડિફિકલ્ટ દિલને રીપેર કરવા ભગવાને અમુક ખાસ લોકોની તેના સ્વરૂપ તરીકે નિમણૂક કરી છે જેને આપણે ડોકટર કે તબીબ તરીકે ઓળખીએ છીએ. હાર્ટમાં કાંઈપણ તકલીફ થાય એટલે તુરત જ દિલના ડોકટરો યાદ આવે અને તેઓ પોતાની આવડત, અભ્યાસથી માનવીને ફરી નવજીવન આપે છે. હૃદય સાથે પનારો પાડનાર સ્ટર્લિંગ હોસ્પિટલના આવા જ બે નિષ્ણાંત દિલના ડોકટરો છે. અજય પાટીલ અને મૂદુલ શર્મા. ભગવાનનું બીજુ સ્વરૂપ ગણતા ડોકટરો પણ અંતે તો એક માણસ છે જેથી દર્દીઓનું સ્વાસ્થ્ય જાળવતાની સાથોસાથ તેમણે પોતાના હાર્ટની પણ કેર કરવી પડે છે. ડો. અજય પાટીલ અને ડો. મૂદુલ શર્મા પણ પોતાની ફિટનેસ જાળવવામાં કોઈ જ કચાસ રાખતા નથી. તેઓ હંમેશા લાઈફને બેલેન્સ કરી ચાલવામાં માને છે.

ટુંક સમયમાં રાજકોટ ખાતે શરૂ થનાર અદ્યતન સ્ટર્લિંગ હોસ્પિટલમાં ડો. અજય પાટીલ કાર્ડિયો થોરાસીક સર્જન અને ડો. મૃદુલ શર્મા કાર્ડિયોલોજીસ્ટ (હૃદય રોગ નિષ્ણાંત) તરીકે સેવા આપશે. પોતાની ફિટનેસનું રહસ્ય જણાવતા ડો. અજય પાટીલે જણાવ્યું કે, મને ગોલ્ફ, ટેનીસ, સ્નુકર, બિલિયર્ડ વગેરે ગેઈમનો શોખ છે. હું શહેરની ભાગોળે આવેલા ઈશ્વરિયા પાર્કમાં નિયમિત ગોલ્ફ રમવા જાવ છું. ગોલ્ફ એ એવી રમત છે જેનાથી ફિઝીકલ ફિટનેસની સાથે મેન્ટલી પણ ફિટ રહેવાય છે. શરીર માટે કસરત અગત્યની છે પણ રમત માટે ફિટનેસ જરૂરી છે જો ફિટનેસ હશે તો જ કોઈપણ ગેઈમ રમી શકાશે. અઠવાડિયામાં પાંચ દિવસ ૪૫ મીનીટ ચાલવું પણ ખૂબજ જરૂરી છે હું પણ વોકિંગ માટે સમય કાઢી લઉં છું. સેમાંય એક વાત અગત્યની છે કેઃ ‘વોક વેન યુ ટોક’ને બદલે ‘વેન યુ વોક નેવર ટોક’ હોવું જોઈએ. જેથી મેન્ટલી ફ્રેશ થઈ શકાય. ડો. પાટીલ કહે છે. હું ગોલ્ફ એટલા માટે રમુ છું કે તેનાથી ફિટનેસ અને રીલેકસ બંને થવાય છે.

જ્યારે ડો. મૂદુલ શર્મા પણ એટલા જ હેલ્થ કોન્સીયસ છે. તેઓ દરરોજ ઘરમાં અચૂકપણે ૪૦ મીનીટ ટ્રેડમીલ પણ વોકિંગ કરે છે અને ૫ થી ૬ કિ.મી. ચાલે છે. વધુમાં રીલેકસ થવા પ્રાણાયામનો પણ સહારો લે છે. ડો. શર્મા કહે છે, ફિટનેસ માટે ૪૦ મીનીટ ચાલવું એ પુરતુ નથી. તેમાંય મીનીમમ સ્પીડ રાખી ૧૦-૧૫ મીનીટમાં એક કિ.મી. ચાલવું જોઈએ. દિવસના પાંચ કિ.મી. જેટલું વોકિંગ કરવું જ જોઈએ.

બંને ડોકટરો ફિટનેસ માટે ડાયટ ને પણ એટલું જ મહત્ત્વ આપે છે. ચરબીયુક્ત ખોરાક, સ્વીટ, કોલ્ડડ્રીંકસ, તેલને તીલાંજાલી આપી બંને તબીબો શરીરને જોઈતી કવોન્ટીટી મુજબ ડાયટ લેવાનું પસંદ કરે છે. તેઓ કહે છે દિવસમાં શરીરને જરૂરી એટલી જ કેલેરી લઈએ તો હેલ્થ મેઈનટેન થાય છે. બ્રેકફાસ્ટમાં દૂધ-ફળ, દિવસમાં ૩-૪ વાર સલાડ અને પ્રમાણસર લંચ અને ડીનરનું બેલેન્સ કરવામાં આવે તો વિવિધ રોગોથી બચી શકાય છે. ડો. અજય પાટીલ અને ડો. મૂદુલ શર્માએ સૌરાષ્ટ્રવાસીઓને ધ્યાનમાં લઈ એક બહુ સરસ વાત કરી કે, આપણે સૌરાષ્ટ્રીયન્સ તેલનો ભરપુર ઉપયોગ કરીએ છીએ. આપણે પરિવાર દીઠ મહિનામાં ૫૦૦ એમ.એલ. તેલ લેવું જોઈએ તેને બદલે દિવસમાં એટલાં તેલનો ઉપયોગ કરીએ છીએ પરિણામે ચરબી અને હાર્ટની તકલીફનો જલદી ભોગ બનીએ છીએ.

કાર્ડિયાક સર્જન તરીકે મુંબઈથી પોતાની કારકિર્દી શરૂ કરનાર ડો. અજય પાટીલે અત્યાર સુધીમાં અંદાજે ૨૦૦૦થી વધુ હાર્ટ સર્જરી કરી છે. જ્યારે ડો. મૃદુલ શર્માએ અંદાજે ૨૦૦૦૦ એન્જીયોગ્રોફી અને ૩૦૦૦ બલુનીંગ એન્જીયોપ્લાસ્ટીક ઓપરેશન કર્યા છે ! આટલા વખતમાં તેઓને અનેક સારા-નરસા યાદગાર અનુભવો થયા છે. ડો. પાટીલે પોતાના યાદગાર કેસ વિશે જણાવ્યું કે, રાજકોટ ખાતે ૨-૩ વર્ષ પહેલા એક જૈન મુની આવેલા તેમની ઉંમર ૭૫ વર્ષ હતી. તેમને બાયપાસ સર્જરીની જરૂરી હતી અને સર્જરી ન કરવામાં આવે તો તકલીફ પડે તેમ હતી. તેઓને રીનલ, કીડની અને હાર્ટ ફેલિયર હતા. આઈ.સી.યુ.થી નીચે શિફટ કરી શકાય તેવી પરિસ્થિતિ નહોતી તેમને એનેસ્થેસિયા આપવું પણ જોખમ હતું. બહુ હાઈરીસ્ક હતું. આવા સંજોગોમાં તે મુનીશ્રીની ‘અવેક બાયપાસ સર્જરી’ કરી. (અવેક સર્જરી એટલે તેમાં દર્દી જાગૃત અવસ્થામાં હોય છે) અને જોગાનું જોગ તે ઓપરેશન સફળ રહ્યું. જોકે ૬-૭ મહિના પહેલાં જ તેઓ અરિહંતશરણ પામ્યા. આ ઓપરેશન મારા માટે યાદગાર બની રહ્યું.

એજ રીતે ડો. શર્માએ કેસ યાદ કરતા કહ્યું કે, ૩૬ વર્ષના એકસાઈઝ કમિશનરને જ્યારે તેનો સ્ટાફ મારી પાસે લાવ્યો ત્યારે તેમનું હૃદય ધબકતું નહોતું. મેં તાત્કાલીક ટ્રીટમેન્ટ શરૂ કરી ૪૫ મીનીટ તેમને (જુઓ પાનું ૨)


ડો. મૃદુલ શર્મા



**સ્ટર્લિંગ હોસ્પિટલના ડો. અજય પાટીલ અને ડો. મૂદુલ શર્મા માને છે કે, લાઈફને બેલેન્સ કરી ચાલવામાં આવે તો તમારું હાર્ટ હંમેશા તમને હેપ્પી અને હેલ્ધી રાખશે**




ડો. અજય પાટીલ

તસવીરો : જયવંત પુરોહિત